# ગુજરાત યુનિવર્સિટી

## બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની સંયુકત મીટીંગ

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની એક સંયુકત મીટીંગ મંગળવાર, તા.૨૦/૦૫/૨૦૨૫નાં રોજ સાંજે ૪-૪૫ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. નિરજા એ. ગુપ્તાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

### બોર્ડ ઓફ મેનેજમેન્ટ

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૦/૦૫/૨૦૨૫ |
|---|---|---|
| ૧. | ડો. નિરજા એ. ગુપ્તા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો. દર્શના ભટ્ટ | હાજર |
| ૩. | ડો. એલ. જી. માલવ | હાજર (ઓનલાઇન) |
| ૪. | ડો. મીનુ શરાફ | ગેરહાજર |
| ૫. | ડો. વિધ્યા રાવ | ગેરહાજર |
| ૬. | ડો. પ્રણવ શ્રીવાસ્તવ | ગેરહાજર |
| ૭. | ડો. રાજશ્રી જોટાણીયા | હાજર |
| ૮. | ડો. ગોવિંદ ચૌધરી | હાજર (ઓનલાઇન) |
| ૯. | ડો. હેમંત વૈષ્ણવ | હાજર |
| ૧૦. | શ્રી ચંદુભાઇ પટેલ | હાજર |
| ૧૧. | શ્રી જગદીશભાઇ કોરડીયા | હાજર (ઓનલાઇન) |

### એકિઝકયુટિવ કાઉન્સિલ

| | | |
|---|---|---|
| ૧. | ડો. નિરજા એ. ગુપ્તા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | કુલસચિવ | હાજર |
| ૩. | ડો. પિયુષ એમ. પટેલ | હાજર |
| ૪. | ડો. પ્રણવ શ્રીવાસ્તવ | ગેરહાજર |
| ૫. | ડો. દિવ્યા ચંડેલ | હાજર (ઓનલાઇન) |
| ૬. | ડો. નુતન કોટક | ગેરહાજર |
| ૭. | ડો. મીનુ શરાફ | ગેરહાજર |
| ૮. | ડો. માર્ગી પરીખ | ગેરહાજર |
| ૯. | ડો. ગોવિંદ ચૌધરી | હાજર (ઓનલાઇન) |

| | |
|---|---|
| ૧૦.ડો. હેમંત વૈષ્ણવ | હાજર |
| ૧૧.ડો. મહેશ પટેલ | ગેરહાજર |
| ૧૨.ડો. વિધ્યા રાવ | ગેરહાજર |
| ૧૩.ડો. સ્મિતાબેન જોષી | હાજર (ઓનલાઇન) |
| ૧૪.શ્રી હિરેનભાઇ જાદવ | હાજર (ઓનલાઇન) |
| ૧૫.શ્રી આશિષભાઇ અમીન | ગેરહાજર |
| ૧૬.શ્રી શ્વેતલભાઇ સુતરીયા | હાજર |
| ૧૭.શ્રી મનન દાણી | હાજર |

બાબત:૧ આગામી સમયમાં ગુજરાત યુનિવર્સિટીમાં Medical Institute તથા Institute of Hotel Management ની સ્થાપના અંગે ચર્ચાવિચારણા કરવા બાબત.

ઠરાવ: ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરની બાજુમાં આવેલ ખુલ્લુ મેદાન તથા અંધજનમંડળની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનની જગ્યામાં Medical Institute તથા Institute of Hotel Management ની સ્થાપના કરવા બાબતે લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. સદરહુ બન્ને ઇન્સ્ટીટયુટ બનાવવા તથા ચલાવવા માટે પસંદગી પામેલ સંસ્થાને યુનિવર્સિટીની સદર જમીન આપવા અંગે તેમજ સગવડતા સચવાય તે હેતુથી હેલીપેડ પણ બનાવવા અંગેના આયોજન પરત્વે વિચાર વિમર્શ કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપરોકત બન્ને ઇન્સ્ટીટયૂટ બનાવવા અંગેના પ્લાન, જગ્યાની વિગતો સહિત જરૂરી દસ્તાવેજોની માહિતી હવે પછી મળનાર બોર્ડ ઓફ મેનેજમેન્ટ તથા એકિઝકયુટિવ કાઉન્સિલની સંયુકત મીટીંગ સમક્ષ સભ્યશ્રીઓની જાણ માટે મુકવાનું રાખવું.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત પરત્વે વિચારણા હાથ ધરવામાં આવી હતી:

વધુમાં પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા :

૨) ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગો ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી નવા શરૂ કરવામાં આવનાર અભ્યાસક્રમોને એડમીશન પ્રક્રિયા કરવા સારૂં GCAS Portal પર ચઢાવવામાં આવેલ છે, જે અભ્યાસક્રમોને મંજુર કરવાનું ઠરાવવામાં આવ્યું.

૩) વિવિધ ફંન્ડીંગ એજન્સી તરફથી જે તે પ્રોજેકટ/હેતુ અંતર્ગત મળેલ ગ્રાન્ટ ફન્ડીંગ એજન્સીની ગાઈડલાઈન્સ તથા ગુજરાત યુનિવર્સિટીના નિયમોનુસાર ખર્ચ કરવાની મંજુરી આપવાનું રાખવું.

૪) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ HPP કોર્સિસ "Centre for Professional Courses" ના પ્રો. ડો. પાવન સી. પંડિતની ડાયરેકટર તરીકેની નિમણુંક્ની મુદત તા.૩૧/૦૫/૨૦૨૫નાં રોજ પૂર્ણ થયેલ હોઇ, કામની જરૂરિયાત જોતાં, તેઓની નિમણુંકની મુદત તા.૦૧/૦૬/૨૦૨૫થી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે પ્રતિમાસ રૂ.૨,૨૫,૦૦૦/- ના મહેનતાણાથી લંબાવી આપવાનું રાખવું.

૫) તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ મળેલ બાંધકામ સમિતીની ભલામણો સ્વીકાર કરવાનું રાખવું.

૬) આથી ઠરાવવામાં આવે છે કે એકાઉન્ટસ ડિપાર્ટમેન્ટમાં OSD CAO તરીકે ફરજ બજાવતા શ્રી દિનેશકુમારની નિમણુંક્ની મુદત તા.૧૭/૦૬/૨૦૨૫નાં રોજ પૂર્ણ થયેલ હોઇ, કામની જરૂરિયાત જોતાં, તેઓની નિમણુંકની મુદત તા.૧૮/૦૬/૨૦૨૫થી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે પ્રતિમાસ રૂ.૧,૫૦,૦૦૦/- ના મહેનતાણાથી લંબાવી આપવાનું રાખવું.

૭) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી એડમીશન સેલ (GUAC) માં ટેકનીકલ ટીમ કો-ઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા પ્રો. (ડો.) એન.કે.જૈનની નિમણુંક્ની મુદત તા.૧૫/૦૪/૨૦૨૫ નાં રોજ પૂર્ણ થયેલ હોઇ, કામની જરૂરિયાત જોતાં, તેઓની નિમણુંકની મુદત તા.૧૬/૦૪/૨૦૨૫ થી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે પ્રતિમાસ રૂ.૧,૫૦,૦૦૦/- ના મહેનતાણાથી લંબાવી આપવાનું રાખવું.

૮) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ખાતે ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી પરેશ એન. સોનીની નિમણુંક્ની મુદત તા.૦૧/૦૫/૨૦૨૫ નાં રોજ પૂર્ણ થયેલ હોઇ, કામની જરૂરિયાત જોતાં, તેઓની નિમણુંકની મુદત તા.૦૧/૦૬/૨૦૨૫ થી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે પ્રતિમાસ રૂ.૫૦,૦૦૦/- ના મહેનતાણાથી લંબાવી આપવાનું રાખવું.

૯) ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર (GUCEC) અને સંલગ્ન ગ્રાઉન્ડ વગેરેની માંગણી અંગે આવનાર અરજીઓ સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલન તેમજ ભાડાની રકમ નક્કી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને સોંપવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પુરૂં થયું હતું.

કા. કુલસચિવ

નં.એકેડેમિક/૬૨૫૦૪/૨૦૨૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ. તા.૦૮/૧૦/૨૦૨૫